સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

જૂનો સેવાભાવી સેવક હંગામી થઇ જાય છે,
ખટકે કોઇ નેતાને તો અનામી થઇ જાય છે,
થામી લે સૌ એના પડ્યા બોલ, ખામી ઢંકાઇ જાય -
નાણા પ્રભાવે નથ્થુ, પક્ષનો હામી થઇ જાય છે..
(બાલ ઠાકરેનું નિવેદન)

જક્કી વલણે
પાય-લોટ્યા છતાં ય
અજીત હાર્યા..
પહલે આપ -
- બિલ્લી જા કુત્તા માર,
પેટ્રોલ ભાવ
(એર ઇન્ડિયા હડતાળ)(વેટ-ટેક્ષ કોઇ ઘટાડતું નથી!)

ચિંતન

એકસ્ય દુખસ્ય ન યાવદન્તં ગચ્છામ્યહં પારિમિર્વાવિવસ્ય ।
તાવ દ્વિતીય સમુપ સ્થિતં મે છિદ્રેષ્વનર્થા બહુલી ભવન્તિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નો આ શ્લોક-કમનશીબીમાં ઊભી થનાર તકલીફોની વાત છે :-

'જેટલી તકલીફ, મુશ્કેલી દરિયો ઓળંગતાં પડી હોય, એટલી તકલીફો વેઠી હું, હજુ તો એક મુશ્કેલીમાંથી ઊંચો નથી આવતો ત્યાં બીજું દુખ મુશ્કેલી-ઉપાધિ મારી સામે આવીને ઊભી થઇ જાય છે ખરેખર જયાં છિદ્ર, દોષ, નિર્બળતા, આળશ જેવાં અનર્થો ભર્યા હોય ત્યાં વારંવાર, અવારનવાર તકલીફો-મુશ્કેલીઓ આવ્યા જ કરતી હોય છે..'

છે તો પ્રાચીન શ્લોક પણ જાણે આપણી અત્યારની ચુપીએ સરકારનાં સંદર્ભમાં ન લખાયો હોય! જયાં છિદ્રો-દુર્બળતા-અનીતિ-કમિશન-ખાયકીનાં કૌભાંડો ચાલતાં હોય, કાયદા અને સરકારી પદ્ધતિઓ નીતિ-રીતિનું પાલન ન થતું હોય અને પોતાના ફાયદા-લાભ માટે જ વિચાર થતાં હોય ત્યાં પગલે પગલે એક મુશ્કેલીમાંથી ઊંચા ન આવે ત્યાં બીજી ઊભી થતી હોય છે, દૂધ, દુંગળી, પેટ્રોલ, ખાંડ એક પછી એક વસ્તુનાં ભાવ વધે અને સરકારની મુશ્કેલી વધે છે.

સ્વાર્થ - દુષ્ટ લોકોનાં કર્મોથી હંમેશાં મુશ્કેલીઓ આવતી જ રહે છે.

સુવિચાર

- શારીરિક બળથી ભલે તમને કોઇ હરાવી જાય પરંતુ શીલ, વિનય, સહિષ્ણુતા અને અક્રોધમાં તમને કોઇ પણ ન હરાવે તેની કાળજી રાખજો - **માર્કસ ઓરેલિયસ**
- અહંકાર ફૂટેલાં માટલાં જેવો છે એ કદી પૂર્ણ ભરાય જ નહીં - **ઓશો**
- દયાળુ અને પ્રસન્ન હૃદય એ એવું એક ચૂંબક છે જે પોતાની આસપાસના બધાંને આનંદના આકર્ષણથી ખેંચી રાખે છે - **એસ. ભટ્ટાચાર્જ**
- એક સારો નેતા એને કહેવાય જે સફળતાનું શ્રેય પોતાના સાથીદારોને આપે અને સફળતાનો બોજ જાતે ઓઢી લે - **રહીમ**
- ભૂલ કરવી માનવીય સહજતા છે પણ તે ક્ષમા કરવી એ ઇશ્વરત્વ છે - **અલેક્ઝાંડર પોપ**
- થોડીક કોમન સેન્સ (સામાન્ય બુધ્ધિ) થોડી સહનશક્તિ અને થોડી મજાકમસ્તીથી આ જીવન આનંદમય બને છે - **સમરસેટ મોન**
- પહેલાં તમે તમારી જાતના મિત્ર બનો પછી બીજાને મિત્ર બનાવવાનો પ્રયત્ન કરો - **વિવેકાનંદ**

બોધકથા

આજકાલ વાલીઓને પોતાનાં સંતાન માટે સંતોષ કરતાં-સમસ્યાઓની ફરિયાદ વધારે હોય છે. આજ્ઞાકારી નથી, ઉધ્ધત છે, સાંભળતો નથી, ભણવામાં રસ નથી આ તો 'સર્વ માન્ય' - રોજની ફરિયાદ છે વિશેષ વ્યસન અને ફુટેવો તો વધારામાં...

એક નવદંપત્તિ, લગ્નના ઉત્સાહ પછી આદર્શ પ્રજોત્પતિ માટે ચિંતક વિલિયમ ચેનિંગને મળવા આવ્યું અને પૂછ્યું. અમારે 'નેપોલિયન' જેવો એક સમર્થ પુરૂષ તૈયાર કરવો હોય તો શું એ શક્ય બની શકે?

ચેનિંગ કહે - અરે નેપોલિયન તો શું! એનાથી ચઢિયાતો શક્તિશાળી માનવી જરૂર તૈયાર થઇ શકે -

દંપતિ કહે તો અમારે શું કરવું જરૂરી છે?

વિલિયમ એલટી ચેનિંગ કહે, જો એક ચારિત્ર્યવાન દંપત્તિ, ઇશ્વર અને ધર્મમાં વિશ્વાસ રાખી વ્યવહારમાં શુધ્ધ-નિષ્ઠાનું આચરણ કરે, સંતાનમાં નીતિ અને કર્તવ્યનિષ્ઠાના સંસ્કારના આદર્શ આપે, લાલચ અને પ્રલોભન સામે લડવાની તાકાત આપે, જીવનમાં અનેક મુશ્કેલીઓને સહન કરી, જ્ઞાન અને અનુભવનું ભાથું બાંધી આપે તો બાળક નેપોલિયન કરતાં પણ વધારે શક્તિશાળી થાય. આમાંય પતિ કરતાં પત્નીએ બાળક માટે વિશેષ બલિદાન આપવું પડે છે.

માનવ સમાજ બુધ્ધિ અને વર્તનના પાયા ઉપર નભી રહેલો છે, તેનો યોગ્ય ઉપયોગ વ્યક્તિને આગવી ઓળખ અપાવવા - વંદનીય દરજ્જો અપાવવા નિમિત્તરૂપે થાય છે

શ્રુતિ બંધનમ્
- ડો. બ્રિજ

એક તંદુરસ્ત ઘટના.

આપણી રાજધાની. ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરમાં જ બનેલી ઘટના.

TLM (ટીચીંગ લર્નિંગ મટેરીયલ્સ) શૈક્ષણિક સાધન બનાવતાં શીખવવાનો એક વર્કશોપ ચાલી રહ્યો હતો. આ લખનાર તેમાં પાર્ટીસિપેટ હતો. સુંદર કામ થઇ રહ્યું હતું. બાળકને શીખવતા એકમને વધુ સઘન રીતે શીખવવા માટેની ખર્ચાળ સામગ્રી તૈયાર કરનારામાં એનેરો આનંદ હતો. બધા કામમાં મશગૂલ હતાં. ત્યાં એક મેડમે આવી જાહેરાત કરી. અમારી સંસ્થાની એક પરંપરા છે તેમાં અમારા સહકર્મીઓમાં કોઇની જન્મ તારીખ આવે ત્યારે તેને યાદ કરી ઉજવીએ છીએ. અને આજે બે વ્યક્તિઓની જન્મતારીખ હોઇ પાંચ-સાત મિનિટ અમને આપશો તો ગમશે. બધા તાલિમાર્થીઓ આ પ્રસંગમાં જોડાયા. ઉત્કંઠાઓ વધી ગઇ હોય તો સ્થળની વાત કરી જ લઉં. આ પ્રસંગ બન્યો બાળ વિશ્વ વિદ્યાલય (ચિલ્ડ્રન્સ યુનિ.) નાં કૉન્ફરન્સ રૂમમાં. અને જન્મ દિવસ હતો યુનિ.ના સલાહકાર મા. જયોતિબેન થાનકી અને એકાઉન્ટ ઑફિસર મા. ચુડાસમા સાહેબનો. બંને વડીલ વ્યક્તિઓ. યુનિ.ના કુલપતિશ્રી મા. હર્ષદભાઇ શાહ (દાદા) પણ હાજર હતા. અહીં શબ્દોથી શુભકામનાઓ વરસી એ પહેલાં કુલપતિ શ્રી હર્ષદભાઇ બંને વડીલોને પગે લાગ્યા. આવું સહજ-સરલ બને ખરું? બાળ વિશ્વ વિદ્યાલયના વડા આવું સહજ વર્તન કરે ત્યાં કેવું આનંદી વાતાવરણ હશે...! ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં એક નવું મોરપીચ્છ ઉમેરાયું એ બાલ વિશ્વ વિદ્યાલયના નામનું.

હર્ષદભાઇ શુભેચ્છા વક્તવ્યમાં ખુબ જ સુંદર બોલ્યા. સાંભળીને ક્ષણો સાચવી લેવાનું અને વહેંચવાનું મન થયું. તેમાંથી આ લેખનું અવતરણ થયું. તેઓએ કહ્યું. 'હું રોજ ભગવાનને પ્રાર્થનામાં કહું છું, હે પ્રભુ! મને જીવન પર્યંત કામ આપજે અને એ કામ સુંદર રીતે પૂરું થાય એટલું જીવન આપજે...!' આવી શુભકામનાઓ વહેંચવા વાળું વ્યક્તિત્વ ખડો કેવું હોય? સરલ - સહજતામાંથી જ એક નોખી ભાતનો ઇન્સાન ખડો થાય છે. તેના કાર્યની સુવાસ ચોતરફ પ્રસરે છે. કાર્યાનંદ મેળવતો એ વ્યક્તિ અનેકના આનંદનું કાર્ય બેન છે અને સમાજને નવું વાતાવરણ આપવા નિમિત્ત બને છે. અહીં વડીલનું વડપણ પૂજાય છે. અહીં હોદ્દાનો દંભ નથી વિનમ્રતા છે. અહીં કાર્યની કડકાઇ નહીં કાર્યનો ઉત્સાહ ઉત્સવમાં ફેરવાય છે. નવી જ પરિપાટી આકારિત થઇ રહી છે તેનો અદ્ભુત આનંદ આનંદ...

મારે ખાસ વાત એ કરવી છે કે વર્તનની કેવી અસર પડે છે. એક વ્યક્તિ જયારે અહંનો તાજ મૂકીને કોઇને નમે છે, વંદન કરે છે તેના પગમાં પડે છે ત્યારે સંસ્કારી દૃશ્ય અનેકનાં દિમાગમાં સરલતાનું વાવેતર કરે છે. એક વ્યક્તિનાં જીવનની હરિયાળી અનેક જગ્યાએ ફેલાય છે, લહેરાય છે. એ વડીલોને પણ જીવવાનો અનેરો ઉત્સાહ સાંપડે છે. જીવનમાં ઉત્સાહના શ્વાસ ભરાય છે. આવા દૃશ્ય થકી ખરેખર અદ્ભુત આનંદ આનંદ...!

વ્યક્તિ માનનીય - મોભાદાર પદ ભોગવતો હોય ત્યારે નમ્રતા દાખવે એ વખતે ખરેખર નમ્રતા ઓર નિખરે છે, તેનાં રંગોમાં ગજબની તાજગી હોય છે. નમ્રતા ખરેખરું રૂપ સજે છે, અને જોનારની આંખોમાં અનોખી તાજગી અને હૃદયમાં આનંદ ભરે છે. સમાજ આવી નમ્રતા થકી સુખ પ્રાપ્ત કરે. માનવ સમાજ બુધ્ધિ અને વર્તનના પાયા ઉપર નભી રહેલો છે. તેનો યોગ્ય ઉપયોગ વ્યક્તિને આગવી ઓળખ અપાવવા - વંદનીય દરજ્જો અપાવવા નિમિત્તરૂપે થાય છે. હર્ષદભાઇ, ખરેખર એકાદ દિવસમાં છવાઇ ગયો અદ્ભુત આનંદ. આ સંભારણું વહેંચવાના ઉમળકામાં મારાથી થોડું લખાયું તેનું પણ એટલું જ સુખ.

કયારેક આવું જોયા પછી ભગવતીકુમાર શર્માના કાવ્યની થોડી પંક્તિઓ જીવતી થાય છે :

'અમે તો તત્ત્વની સાથેના તાલ્લુકાત છીએ,
અમે અમારાપણા અંગે અલ્પજ્ઞાત છીએ.
અમે ફલાણા ફેલાણા નથી, ફલાણા નથી,
અમે તો જે છીએ તેવા જ જન્મજાત છીએ.
સમુદ્ર મોજું ધસે ત્યાં સુધી જ ક્ષેમકુશળ,
અમે તો રેત પર ચીતરેલી રમ્ય ભાત છીએ.
યમુના હો કે હો દરિયો, થઇ જશે રસ્તો,
અમે પ્રભુના ચરણ પરનો પક્ષપાત છીએ.'

વ્યક્તિની ઉંચાઇ અહીં વર્ણવાઇ છે. નમ્રતામાં અને સરળ-સહજ વર્તન થકી જ માણસ પ્રભુને પસંદ પડી શકે. આજના સમયમાં બીજા વ્યક્તિને પસંદ પડવું દુષ્કર છે ત્યારે પ્રભુના ગમા - અણગમાની ફિકર કોને હોય? પ્રભુની કૃપા મેળવવાનો સરલ માર્ગ હોય તો માણસની સહજતા છે. ખુદ ઇશ્વર આપણી તરફદારી કરે તે કેવું સુખ...! આ સુખમાંથી જ સમર્પણ નીપજે, કાર્યનો આનંદ પ્રગટે, જીવનનો ઉત્સાહ પ્રગટ થાય. અનેકને સંવર્ધિત કરતું વ્યક્તિત્વ કદાચ આવા વર્તને જ આકાર સજતું હશે. બંને વડીલોને શુભકામના અને વડીલ દાદાને દિલથી આ લખનારની સલામ. ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં રમ્ય ભાત પાડવા મથતા સાલસ વ્યક્તિત્વ થકી ખરેખરો અદ્ભુત આનંદ-આનંદ...! દાદાના વર્તનથી ચંદન કરતાંય વંદન વધુ શીતળ છે એમ સમજાય...!

સ્વીટ રેઇન :

'બધા જ સદ્‌ગુણોનું મૂળ વિનયશીલતા છે, એ તેમની માતા છે, સેવિકા છે, તેમનો પાયો છે અને તેમને જોડનારી કડી છે.'

- સંત ક્રિસોસ્તોમ

રોજ એકાદું સારું કામ કરીએ... મનની વ્યથા નાશ પામશે, સમાજને સ્નેહ કરીએ... આપણા સ્વાર્થનો અંધકાર દૂર થશે

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...
- હર્ષદ પ્ર. શાહ

અજવાળું અને અંધારું, પ્રભાત અને સંધ્યા, દિવસ અને રાત્રી, કૃષ્ણ પક્ષ અને શુક્લ પક્ષ (અજવાળિયું અને અંધારું) - આ બધું પ્રકૃતિની અખંડ, અભંગ કૃતિઓ છે. એ છે માટે સૃષ્ટિ છે.

અંધારું પ્રકૃતિની દેન છે... એના વિના ચાલવાનું પણ નથી... એનો ઉપયોગ પણ છે... પરંતુ આદિ અનાદિ કાળથી માણસ અંધારા સામે જુધ્ધે ચડ્યો છે. કેટલાય અંધારાને અભિશાપ માને છે.

જીવનમાંથી અંધકાર હટાવવો વ્યર્થ છે કારણ કે અંધકાર હટાવી શકાતો જ નથી. જે જ્ઞાની છે તે અંધકાર હટાવતા નથી પરંતુ પ્રકાશ ફેલાવે છે.

એક પ્રાચીન લોકકથા છે. વાત એ સમયની છે જયારે મનુષ્ય પાસે પ્રકાશ ન હતો... અગ્નિ ન હતો. ત્યારે રાત્રી બહુ ત્રાસ આપતી હતી. લોકોને અંધકાર દૂર કરવા માટે જાગાજાતના ઉપાયો સોધવા માંડ્યા પણ સફળતા ન મળી. કોઇએ કહ્યું, મંત્ર બોલો, તો મંત્રો બોલાયા. કોઇએ કહ્યું પ્રાર્થના કરો, તો આકાશ તરફ હાથ ઊંચા કરી લોકોએ પ્રાર્થનાઓ કરી. પરંતુ એમ કંઇ અંધારું જવાનું ન હતું! કોઇ યુવાન ચિંતક... શોધકે છેવટે કહ્યું, "ચાલો, આપણે અંધકારને ટોપલીઓમાં ભરી ભરીને બહાર ખીણમાં ફેંકી દઇએ. એમ કરવાથી ધીરે ધીરે અંધકાર ક્ષીણ થશે અને છેવટે કદાચ એ સાવ દૂર થઇ જશે."

આ વાત લોકોને યુક્તિસંગત લાગી. લોકો આખી રાત અંધારાને ટોપલીઓમાં ભરી ભરીને ખાડામાં બહાર નાખતા લાગ્યા. પણ પછી જયારે લાગ્યું કે ત્યાં તો કંઇ જ નથી તો આશ્ચર્ય પામ્યા. લોકો અંધારાથી થાકી ગયા.

... આમ કરતાં કરતાં અંધારાને બહાર ફેંકવાની ક્રિયાએ એક પ્રથા - પરંપરાનું રૂપ ધારણ કર્યું. તદનુસાર દરેક વ્યક્તિએ રોજ રાત્રે ઓછામાં એક ટોપલી ભરીને અંધારું જરૂર બહાર ફેંકી આવવું... એવો ક્રમ ચાલુ થયો.

એકવાર એક યુવક એક અપ્સરા સાથે પ્રેમમાં પડ્યો. એની સાથે એનો વિવાહ થયો. લગ્નની પહેલી રાત્રે ઘરના વડીલોને વહુને પરંપરાગત રીતે એક ટોપલી ભરીને અંધારું બહાર ઘાટીમાં ફેંકી આવવા કહ્યું. અપ્સરા આ વાત સાંભળીને હસવા લાગી. તેણે કોઇ સફેદ પદાર્થની વાટ બનાવી. એક માટીના કોડિયામાં ઘી ભર્યું... એમાં વાટ મૂકી. પછી કોઇ બે પથ્થરોને ઘસ્યા. તણખા ઝર્યા. આગ પેદા થઇ અને દીવો સળગ્યો! અંધારું દૂર થઇ ગયું હતું! હવે એને ટોપલીમાં ભરીને બહાર ફેંકવાની જરૂર નહોતી. અંધારું એની મેળે જ ઉલેચાઇ ગયું હતું! હવે એને ટોપલીમાં ભરીને બહાર ફેંકવાની જરૂર નહોતી. અંધારું એની મેળે જ ઉલેચાઇ ગયું હતું!

લોકો નવાઇ પામી ગયા. ખરો ચમત્કાર થયો. અગ્નિ પ્રગટ્યો અને અંધારું ભાગ્યું! ... બસ ત્યારથી લોકોએ અંધારું ઉલેચવાનું છોડી દીધું કારણ કે હવે દીવો સળગાવતાં આવડી ગયું હતું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પેટ્રોલના ભાવોમાં 'સાડા સાતી' બેઠી છે અને ભાવો દર ત્રીજે દિવસે વધે છે ત્યારે 'હળવાશની ક્ષણોમાં!' માં પણ 'શોકસભા!' ભરવી પડે તેવા સંજોગો ઉપસ્થિત થયા છે!

હળવાશની ક્ષણોમાં !
શોકસભા !
- ચિત્રસેન શાહ

'હળવાશ' અને 'શોકસભા' એ બે શબ્દોનો મેળ ખાતો નથી! સાસુ-વહુના સંબંધો જેવું લાગે! (જો કે સ્ટાર પ્લસ પર આવતી રાજસ્થાની બે નોબેલ ફેમીલીની સિરિયલ 'યે રીસ્તા કયા કહેલાતા હૈ' માં બન્ને વેવાઇ પક્ષે સાસુ-વહુના સંબધો જોઇને ખુશ થઇ જવાય તેવું છે. તે ઉપરાંત સમગ્ર સિરિયલનું ડાયરેશન તેમજ કલાકારોના અભિનય જોઇને પણ મન પ્રફુલ્લિત થઇ જાય તેવું છે.)

પરંતુ જયારે પેટ્રોલના ભાવોમાં 'સાડા સાતી' બેઠી છે અને ભાવો દર ત્રીજે દિવસે વધે છે ત્યારે 'હળવાશની ક્ષણોમાં!' માં પણ 'શોકસભા!' ભરવી પડે તેવા સંજોગો ઉપસ્થિત થયા છે!

પેટ્રોલમાં છેલ્લા ભાવવધારા પછી અમારા મિત્રે અમારા ઘરમાં 'ગૃહપ્રવેશ' કરતાં કહ્યું - 'પેટ્રોલના ભાવ ભડકે બળે છે અને તમે ઊંઘો છો?!'

હું તેમની નજર સામે જાગતો બેઠો હતો છતાં તેમણે આમ કહ્યું! કેમ જાણે ભાવવધારા માટે હું જ જવાબદાર હોઉં તેવા ટોનમાં તેમણે કહ્યું! રોમ ભડકે ભળી રહ્યું હતું ત્યારે 'નીરો' ફીડલ વાગડતો હતો - તેના જેવું જ ને! જો કે તેના કહેવામાં અર્ધસત્ય તો હતું જ! કારણ કે જાગૃત પરિષદનો હું 'સ્લિપિંગ મેમ્બર' છું!

પેટ્રોલનો ભાવ વધારો હવે તો છેવાડાના માણસને પણ અસર કરે છે કારણ કે, અમેરિકાની જેમ જ આપણે ત્યાં પણ હવે ઘરકામ કરવા આવનારા 'ઘાટી' પણ બાણુ બજારની બાઇક પર આવે છે!

એક આડ વાત -

મારા પત્ની મુંબઇનાં હોવાથી - જો કે લગ્ન પછી મુંબઇ છોડે ઘણા વર્ષો થવા છતાં - ઘરકામ કરનાર કામવાળા કે કામવાળી માટે 'ઘાટી' શબ્દ વાપરે છે! અને હજુ પણ મુંબઇના માહોલમાં જ જીવે છે! તેથી પત્નીને સારું લગાડવાં તેમજ તેમની સાથેનાં સંબંધ સુમેળભર્યા રાખવા હું પણ ક્યારેક ક્યારેક 'ઘાટી' શબ્દનો ઉપયોગ કરી લઉં છું! પત્ની સાથે સુમળભર્યા સંબંધ જાળવવા બે-બાંય હજારની સાડી કે ડ્રેસ લઇ દેવા કરતાં આવા પ્રયોગ 'મફત' માં કરી શકાય છે! વળી પત્નીને પણ લાગે કે આપણે તેમનાં કહ્યામાં છીએ! આ આડ વાતમાંથી બીજી એક પેટા આડ વાત! અગાઉ લખ્યું છે તેમ હજુ પણ પત્ની મુંબઇના માહોલમાં જીવતા હોવાનાં આભાસને કારણે ક્યારેક તેમને અમારી ડ્રેસિંગ સેન્સ - પેન્ટ શર્ટના કોમ્બીનેશનમાં પણ ખામી દેખાય છે અને ત્યારે મશ્કરીમાં અમને કહે છે - 'અરીસામાં જુઓ તો ખરા! ઘાટી જેવા લાગો છો!' અને હું અરીસામાં જોઉં તો વાત સાચી લાગે! અમારા અતિ સામાન્ય દેખાવને કારણે ઘણા લોકોને આવી ગેરસમજ થાય છે!

પેટ્રોલના ભાવ જયારે સીત્તેર રૂપિયે પહોંચેલા ત્યારે મને મારી કાર જ સળગાવી નાખવાનો એક વિચાર આવી ગયેલો! પરંતુ હવે છેલ્લા ભાવ વધારા પછી તો મારે તે વિચાર પર પણ પૂર્ણવિરામ મુકી દેવો પડ્યો છે! કારણ કે, તે હવે ઘરના બજેટ નો ક્યરો કરી નાખશે!

ફક્ત પેટ્રોલ જ નહીં પરંતુ જીવન જરૂરિયાતની એકેએક વસ્તુના ભાવ રોજેરોજ શબ્દોમાં વર્ણવી ન શકાય તેટલી હદે કૂદકે ને ભૂસકે વધે છે! ઘણીવાર તો સવારે લીધેલી જ વસ્તુ ફરીથી સાંજે લેવા જઇએ તો ભાવ વધી ગયા હોય! ૨૧૦૦ રૂપિયે સીંગતેલનો ડબ્બો, ૩૫ રૂપિયે કિલો ખાંડ કે ૪૦૦/૫૦૦ રૂપિયે કિલો ચા!

કોઇ પણ ઇલાસ્ટીક વસ્તુની ઇલાસ્ટીસીટીની લીમીટ હોય! કોઇ સ્પ્રીંગને દબાવીએ તો દબાવવા માટે તેની પણ કોઇ લીમીડ હોય!

તેવી જ રીતે માણસની સહનશીલતાને પણ લીમીટ હોય!

પરિસ્થિતિ જયારે આ લીમીટ ઓળંગે ત્યારે શું થાય?

તેઓ અંજામ થોડા વર્ષો પહેલા આવેલ 'ઇન્કીલાબ' પિક્ચરનાં અંત જેવો આવે! એ પિક્ચર જેમણે જોયું હશે તેમને યાદ હશે કે (મને યાદ છે તે પ્રમાણે!)

પિક્ચરના અંતે અમિતાભ બચ્ચન રાજકારણીઓ જે 'ગૃહ' માં મીટીંગ જમાવીને બેઠા હોય છે. તેમાં મશીનગન સાથે પ્રવેશે છે અને ધડાધડ ગોળીઓ છોડી બધા જ ભ્રષ્ટ અને નિર્લજ્જ નેતાઓની હત્યા કરી નાખે છે.

આવા નર્કસ્થ આત્માઓ માટે પણ શોકસભા તો ભરવી જ પડે ને!

પરંતુ તેમાં બે મિનિટનું મૌન પાળવાનું હોય નહીં પરંતુ બે ક્લાકની ઉજવણી કરવાની હોય - શેમ્પેઇનની બોટલ ખોલીને!

થોડા વર્ષો પહેલાં આતંકવાદીઓએ આપણી પાર્લામેન્ટ પર હુમલો કરેલો પરંતુ આપણા બહાદૂર સુરક્ષાકર્મીઓએ શહીદી વહોરીને પણ તેમની યોજના નિષ્ફળ બનાવી હતી.

એ શહીદ સુરક્ષાકર્મીઓના ફેમીલી મેમ્બર્સ (કે જેઓ પણ તાજેતરના પેટ્રોલના તોતિંગ ભાવવધારામાં ભૂંજાતા હશે!) કદાચ આજે વિચારતા હશે કે - 'તે દિવસે આતંકવાદીઓ પાર્લામેન્ટમાં પ્રવેશવામાં સફળ થયા હોત તો કદાચ આજે આપણે આ દિવસો જોવાનો વારો આવત નહીં!'

આ કથાનો સાર એ છે કે -

બધા જ પ્રસંગો માટે એમ કહી શકાય નહીં કે જે થયું તે સારા માટે!

વૃક્ષ પ્રેમી મિત્ર નારણભાઇ આહિર સરળ પ્રકૃતિના છે, સંગીતપ્રેમી પણ છે

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

વૃક્ષ પ્રેમ તો મારા માતા અને બહેનને પણ ભારે હતો અને વૃક્ષોને પોતાના જીવની જેમ સાચવતા હતા. પણ આજે સિમેન્ટોના જંગલો વસાવી આપણે પ્રકૃતિ દૂર ખસતાં રહ્યાં છીએ. અને પ્રાણહીન બનતાં રહ્યાં છીએ. સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ગામમાં પ્રકૃતિ મંડળ કાર્યરત છે. તેઓ વૃક્ષ જતનની જાગૃતિ અર્થે પત્રિકાઓ છપાવી વિતરણ કરે છે. પત્રિકામાંથી વૃક્ષ જનતની કેટલીક ઉમદા માહિતી પ્રસ્તુ છે.

વન હતા, વનરાઇઓ હતી. કલકલ વહેતાં ઝરણાં હતા, બારેમાસ વહેતી સરિતાઓ હતી. અમૃત કુંભ સમા કુવાઓ હતા, તો ગામ આખાને શાતા આપતાં ભરપૂર તળાવો પણ હતાં.

હરણાંઓ ફૂદતાં'તાં ને હાથીડાઓ ય ડોલતાં - ફરતાં'તા. વાઘ, વરૂને વાનરોય બેશુમાર હતા. ડણેક દેતા કેસરી વનરાજો હતા, તો સરરર સરી જતાં સસારાણાઓ પણ હતા. મોર, પોપટ, મેનાને મીઠડાં ગાન ગાતાં રૂપકડાં પંખીડાઓનો તો કોઇ પાર જ ન હતો! કારણ કે -

દાનેશ્વરીઓના ય દાદા સમાન ઘેઘૂર વૃક્ષો હજરા-હજૂર હતા. સમગ્ર જીવસૃષ્ટિ પુષ્ટિ રહેતી. તુષ્ટ હતી, સંતુષ્ટ હતી. પ્રકૃતિ માતાની હુંફાળી એ ગોદ હતી. જીવસૃષ્ટિનો એ સુવર્ણકાળ હતો! પ્રકૃતિના એ પાલવ તળે, માનવ પ્રાણીએ ય ઉચ્ચાતાના, આત્મ તેજના ને જ્ઞાન-વિજ્ઞાનના અદ્‌ભૂત અજવાળાં પાથર્યાં હતા. પરંતુ - લાંબા કાળે, કોણ જાણે કયે કાળ ચોઘડિયે માનવ થોડો દાનવ બની ગયો હશે, તે તેણે ધન માટે વન છોડ્યા, વન વેચ્યાને વનનો વેરી બન્યો! એ વનવેરીને ભાન ન રહ્યું કે -

વન : વૃક્ષ છૂટશે તો તન-મનની પ્રસન્નતા ય તૂટશે!
વન : વૃક્ષો ગયાં ને કેટકેટલીય જીવ-જાતિઓ હતી - ન હતી થઇ ગઇ!
વન : વૃક્ષો ગયાં ને કેટકેટલીય વનસ્પતિઓ લોપ - અલોપ થઇ ગઇ!
વન : વૃક્ષો ગયા ને વર્ષારાણીએ તો રીતસરનાં રૂસણાં જ લઈ લીધાં!

વૃક્ષ - વર્ષા વચ્ચે તો, સ્નેહ લગ્નની ગાંઠ છે! વૃક્ષ વિહોણા ઘરે વર્ષારાણી હેલ કેમ કરી ઉતારે?

વૃક્ષ - વર્ષા વિહોણી ધરતી તો ડાકણના વાંસા જેવી કોરીકટાક - કોરીધડાક, ધરતી માતામાં લોહીભીનાં આંસુ રૂપે ઊડી રહેશે માત્ર ઝાંઝરાંને કાંકરા. અધૂરામાં પૂરું -

પૃથ્વીને પાટલે માનવ બચ્ચાંઓની લગાતાર લાંબી-લાંબી કતારો વધવા લાગી છે. બચ્ચા પેદાઇશમાં મસ મોટો વધારો વધતો જાય છે! પરિણામે, ભાગ થોડોને ભાગીઆ ઝાઝા! જેના ખાતાં (!) ફળ સ્વરૂપે -

ગીર્દી વધીને ગંદકી વધી, ગીચતા વધીને ગૂંચોય વધી. ગંધ-દુર્ગંધના વાદળો વગર તેં ચોતરણ ફેલાતા જાય છે. ઇંટો-સિમેન્ટના જંગલો જેવા વિસ્તારો ફુલતાં ને ફાલતાં જાય છે. કંઇ કેટલાય કારખાનાં કાળી-સેપટનો ધૂમાડો ઓકતા રહે છે, તો કેટલાયે કેમિકલ કચરાના કોગળા ઓકતા રહે છે! ગીર્દી - ગૂંગળામળે, ધૂડ-ધૂમાડોને ઘોંઘાટ - ગંદકી થકી, ઊંચે-નીચેનું, અડખે-પડખેનું, અંદર-બહારનું : ચોતરફનું આવતર (પરિ + આવરણ) 'પર્યાવરણ' બેહદ રીતે દૂષિત - પ્રદૂષિત બનતું જાય છે! લેકિન -

ફૂલ ગુલાબી સલામ જમણા હાથે ભરવાનું મન થાય તેવું પણ છે : કારણ કે, વનવેરી દાનવ જન્માવનાર માનવકુળમાં મહામાનવો પણ જન્મે છે.

એ મહામાનવો એટલે વિશ્વનું ભૂત - વર્તમાન - ભાવિ ભાખનાર આર્ષદૃષ્ટા ઋષિએ સમા આજના જ્ઞાનીઓ - વિજ્ઞાનીઓને વિશ્વહિત ચિંતકો, અંધ-અજ્ઞાન માનવીઓએ કરેલી ભૂલોને સુધારી લેવા આ આર્ષદૃષ્ટાઓ આજે કર્મયોગી બન્યા છે. એમણે જ મહામંત્ર આપ્યો છે કે, 'બેક - ટૂ - નેચર' : પ્રકૃતિ તરફ પાછાં વળો.'

વૃક્ષપ્રેમી મિત્ર નારણભાઇ આહિર સરળ પ્રકૃતિના છે, સંગીતપ્રેમી પણ છે. તેઓ કહે છે કે, 'ભારતના ઋષુમુનિઓ દ્વારા વર્ષો પહેલાં કહેવામાં આવેલું : 'વસુધૈવ કુટુંબકમ્. સમગ્ર પૃથ્વી' એક કુટુંબ છે. ઘણાં લોકો આ વાક્યનો સામાન્ય અર્થ એવો તારવે છે કે, સમગ્ર માનવજાત એક કુટુંબ છે. પરંતુ વસુધા એટલે કે, પૃથ્વી પર માત્ર માનવ જ અસ્તિત્વ નથી ધરાવતો, પરંતુ વિશાળ સમુદ્રો, પહાડો, નદીઓ, અન્ય પ્રાણીજગત, દૃશ્ય તથા અદૃશ્ય જીવ-જંતુઓ અને અલબત્ત, મારે જેના વિશે થોડુંક કહેવું છે, એ વૃક્ષ અને વનસ્પતિ જગતમાં પણ ધબકે છે.

બચપણમાં રાજકોટમાં સરકારી પ્રેસના ક્વાટર્સમાં ઘરની આગળના ભાગની ખુલ્લી જમીનમાં ખૂબ મહેનતથી આડશ ઊભી કરીને શાકભાજીનું વાવેતર કર્યું. ત્યારથી જ કદાચ વનસ્પતિ જગત સાથે નાતો બંધાયો. યુવાવસ્થામાં આ બાબતમાં ખાસ કંઇ ઉકાળી શક્યો નહીં. પરંતુ રાજકોટમાં સરદાર બાગ-સર્કીટ હાઉસ સામે આવેલી સ્ટેટ બેન્ક લોકોનીમાં લગભગ ૧૯૮૮ ની સાલમાં રહેવા ગયા પછી ત્યાં આવેલી વિશાળ જગ્યાનો ઉપયોગ કરીને લગભગ દશેક વૃક્ષો (ગુલમહોર, લીમડા, કાસીદ, પેન્ટાફોરમ વગેરે) વાવીને ઉછેર્યા. જે આજે બેન્ક કોલોનીની શોભા વધારી રહ્યા છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૯મી મે

ડેવિડના અભય દીવાની શોધથી વિશ્વવિખ્યાત રસાયણશાસ્ત્રી સર હમ્ફ્રી ડેવિડની પુણ્યતિથિ ૧૮૨૯. ખાણોમાં કામ કરતાં મજૂરો અકસ્માતોથી બચાવી લેવામાં તે સમયની ડેવિડની શોધ આભારી છે. 'ડેવિડ સેફ્ટી લેમ્પ' અનેક લોકોની જિંદગી બચાવનાર 'અભય દીવો' તેમના નામ સાથે જોડાયેલો છે.

● ૧૯૧૭માં અમેરિકાના પ્રમુખ જહોન કેનેડીનો જન્મ.

● મહાન કલાકાર અભિનેતા પૃથ્વીરાજ કપૂરનું અવસાન : ૧૯